MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોન: (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિ: (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવ: (ઓ) ૨૪૨૮૦૧૪ ફેકસ: (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલ: registrar@bhavuni.edu વેબસાઈટ: www.bhavuni.edu

એકેડેમિક / વિદ્યા / 3356 / 5457 / ૨૦૧૩ તા: ૨૯ / ૦૧ / ૨૦૧૩

## પરિપત્ર:

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી અંતર્ગત આવેલ સંલગ્ન / સંચાલિત કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ તરફથી પત્ર ક્રમાંક (ઠરાવ ક્રમાંક): મશબ/૧૨૧૧/૫૯૦/૬, તા: ૦૨/૦૬/૨૦૧૧ મુજબ ધોરણ–૧૦ પછી પોલિટેકનીક દ્વારા ડીપ્લોમા અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધોરણ–૧૨ સમકક્ષ ગણવા અંગેની બાબત તા: ૧૭/૦૧/૨૦૧૩ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં રજૂ રખાતા તે અંગે નીચે મુજબ ઠરાવ થયેલ છે. જે અંગે સંબંધિત સર્વેને જાણ કરવી

**<u>એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા તા: ૧૭ / ૦૧ / ૨૦૧૩, ઠરાવ ક્રમાંક: (૧૬)</u>**

" ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ તરફથી પત્ર ક્રમાંક (ઠરાવ ક્રમાંક): મશબ/૧૨૧૧/૫૯૦/૬, તા: ૦૨/૦૬/૨૦૧૧ મુજબ ધોરણ–૧૦ પછી પોલિટેકનીક દ્વારા ડીપ્લોમા અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધોરણ–૧૨ સમકક્ષ ગણવા અન્વયે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા તા: ૧૦ / ૦૬ / ૨૦૧૧, ઠરાવ ક્રમાંક: (૭૫)થી સમકક્ષતા આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ સંદર્ભે ઉકત પત્રના મુદ્દા નં.(૩) અન્વયેનો લાભ સંબંધિત વિદ્યાર્થીઓને આપવા અંગે ઠરાવના પેરેગ્રાફ–૩ પ્રમાણે કાર્યવાહી કરીને એડમિશન આપવા ઠરાવના પેરેગ્રાફ–૩માં દર્શાવેલ વિગતથી જેમણે અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓને ધોરણ–૧૨ પાસની સમકક્ષ ગણીને એફ.વાય.માં પ્રવેશ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. "

આપનો વિશ્વાસુ,

**ખાસ ફરજ પરના અધિકારી**
**(કુલસચિવ)**

<u>બીડાણ: સરકારશ્રીના ઉકત પત્રની નકલ</u>

પ્રતિ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી અંતર્ગત આવેલ સંલગ્ન / સંચાલિત કોલેજોના આચાર્યશ્રીઓ...

<u>નકલ જાણ સારુ:</u>

[1] કુલપતિશ્રીના રહસ્ય સચિવ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
[2] કુલસચિવશ્રીના રહસ્ય સચિવ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
[3] ડીનશ્રી, વિનયન, વિજ્ઞાન, વાણિજય, મેનેજમેન્ટ અને ગ્રામવિદ્યા વિદ્યાશાખા
[4] વિભાગીય અધિકારીશ્રી, સામાન્ય વિભાગ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર – ઈ.સી.ની તા: ૧૭/૦૧/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક: (૧૬)ના અનુસરણની નોંધ લેવા સારુ

કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે
જોડાણ અંગેની નીતિ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૨૧૧/૫૯૦/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨-૯-૨૦૧૧

ઠ રા વઃ-

હાલ આપવામાં આવતા શિક્ષણને રોજગારલક્ષી બનાવવા માટે આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક માં અપાતા કૌશલ્ય વર્ધન માટેના શિક્ષણને વધુ ઉત્તેજન આપવાની જરૂર છે. તાંત્રિક પ્રકારનું કૌશલ્ય મેળવેલ વિદ્યાર્થીઓને હાલ ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ પછી કોલેજમાં દાખલ થવાની તક મળતી નથી જે તેમની શૈક્ષણિક કારકિર્દી માટે બાધા રૂપ બને છે. જે ધ્યાને લઇ કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે કૌશલ્ય વર્ધન તાલીમને બળ મળે તેમજ કૌશલ્ય તાલીમ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે સેતુ બંધાય તે માટે નીચે દર્શાવેલ વિગતે,રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I T I) તેમજ પોલીટેકનીક કોલેજો ના માન્યતા પ્રાપ્ત અભ્યાસ ક્રમોને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની સમકક્ષતા, શૈક્ષણિક હેતુસર આપવાનું સરકારશ્રી એ ઠરાવેલ છે.

૧. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) નો બે વર્ષ કે તેથી વધુ સમય ગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (જી.સી.વી.ટી.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની ધોરણ-૧૦ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૦ ની સમકક્ષ ગણવામાં આવશે.

૨. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની એન.સી.વી.ટી.અથવા જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની ધોરણ-૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે.

૩. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીક માં ૩ વર્ષ નો ડિપ્લોમા કોર્સ કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે. તેમજ આ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી ત્રણ વર્ષનો કોર્સ કરેલ હોઇ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે કોલેજમાં દાખલ થાય તો તેણે અગાઉનું એક વર્ષ વધારાનું ભણેલ છે જે ધ્યાને લઇ કેટલાક વિષયોમાંથી Choice Based Credit System (CBCS) હેઠળ ૪૦ ક્રેડીટ જમા આપવા પણ યુનિવર્સિટીઓને અનુરોધ કરવામાં આવે છે જેથી તેઓ સરળતાથી સ્નાતક ની ડીગ્રી મેળવી શકે.

આ ઠરાવ શ્રમ અને રોજગાર વિભાગના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

નકલ રવાના:-

(૧) માનનીય રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
(૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માનનીય મંત્રીશ્રી (શ્રમ અને રોજગાર) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૪) માનનીય મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માનનીય રા.કમંત્રીશ્રી(પ્રા.અને માધ્ય.શિ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૬) માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રી,શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(૯) કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય ગાંધીનગર.
(૧૦) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.(સર્વે યુનિવર્સિટીઓને પરિપત્રીત કરવાની વિનંતી સહ)
(૧૧) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૨) નિયામકશ્રી રોજગાર અને તાલીમ ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૩) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
(૧૪) સચિવાલયના સર્વે વિભાગો.
(૧૫) વિભાગની સર્વે શાખાઓ.
(૧૬) સીલેકટ ફાઇલ.
(૧૭) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.

Copy of G[ITI1].R.-CHH.

તા.૯/૬/૧૧

- રાજ્યની તમામ યુનિવર્સિટીઓની વિવિધ વિદ્યાશાખામાં પૂર્વ સ્નાતક કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨થી ચોઈસ બેઝ્ડ ક્રેડીટ સિસ્ટમ (CBCS)નો અમલ કરવો.
- સામાન્ય સ્નાતક પદવી માટે ૧૨૦ ક્રેડીટનો છ સેમેસ્ટરનો પ્રોગ્રામ જ્યારે વિશિષ્ટ(Honors) સ્નાતક પદવી માટે ૧૪૪ ક્રેડીટનો છ સેમેસ્ટરનો પ્રોગ્રામ દાખલ કરવામાં આવશે.
- વિવિધ પ્રકારના કોર્સ માટે તમામ યુનિવર્સિટીઓમાં સમાન પરિભાષાનો ઉપયોગ થાય એ ઈચ્છનીય છે.( Standard Terminology) •
- કોર વિષયોનો પ્રમાણભાર તથા અભ્યાસક્રમ રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં મહદ્અંશે સમાન રહે એ ઈચ્છનીય છે.
- રાજ્યની તમામ યુનિવર્સિટીઓની તમામ વિદ્યાશાખાઓ માટે કેટલાક ફાઉન્ડેશન કોર્સ ફરજીયાત (Compulsory) રહેશે. જેવા કે English, ICT, Environmental Study, Life Enrichment Courses તથા Law for Non Law Students.
- રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં યુ.જી.સી. સૂચિત સેવન પોઈન્ટ ગ્રેડેશન પદ્ધતિ (7 Point Grade) અપનાવવામાં આવે એ ઈચ્છનીય છે.
- સેમેસ્ટર ગ્રેડ પોઈન્ટ એવરેજ (SPGA) તથા ક્યુમ્યુલેટીવ ગ્રેડ પોઈન્ટ એવરેજ (CGPA) ની ગણતરીમાં કોર, ઈલેક્ટીવ તથા ફાઉન્ડેશન કોર્સીસને ધ્યાનમાં લેવામાં આવે.

(ઉપરોક્ત બાબતો રાજ્ય સરકાર દ્વારા તા.૧૧/૪/૨૦૧૧ના રોજ કરવામાં આવેલ પરિપત્રમાં સૂચિત છે.)

તદ્ઉપરાંત,

- સંશોધન પ્રવૃત્તીઓને પ્રોત્સાહન આપવા માટે દરેક સેમેસ્ટરમાં જે તે વિષયોમાં પ્રોજેકટ વર્ગ /ફીલ્ડવર્ક આપવામાં આવે તથા તેનું યોગ્ય મૂલ્યાંકન કરી વિદ્યાર્થીને તેની ક્રેડીટ આપવામાં આવે.
- ઈન્ડસ્ટ્રીઝ તથા સંશોધન સંસ્થાઓ સાથે સહયોગ કરી વિદ્યાર્થીઓને આંતરપ્રીનીયોરશીપ માટે મોકલવામાં આવે.આવી તાલીમને જે તે કોર્સનો એક ભાગ ગણવામાં આવે.
- રાજ્યની યુનિવર્સિટીઓના સેનેટ, સીન્ડીકેટ મેમ્બર્સ તથા અન્ય પદાધિકારીઓ માટે એક દિવસનો ઓરીએન્ટેશન કાર્યક્રમ જે તે યુનિવર્સિટી ખાતે યોજવામાં આવે.
- રાજ્યની યુનિવર્સિટીના તેમજ કોલેજોના તમામ શૈક્ષણિક તેમજ વહિવટી કર્મચારીઓને CBCS સાથે સંકળાયેલ તમામ પાસા અંગે અવગત કરાવવા KCG સાથે સંકલન કરી તાલિમ શિબિરોનું આયોજન કરવું. આવા તાલિમ શિબિરો રાજ્યમાં વિવિધ સ્થળોએ યોજવા.